GJSR120049552025

**CRMA J No. 1801/2025 ના કામે અરજદારની અરજી હેઠળ હુકમ**

.................................................................................................................

1. અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. અરજદારે અરજી સાથે રજુ કરેલ દાખલો વંચાણે લીધો. અરજદારે પોતાની અરજીમા જણાવેલ છે કે, **અરજદારનાં પુત્રનો જન્મ મોજે ખોલવડ ગામ, તા.કામરેજ, જી.સુરતની સીમમાં થયેલ હોય જે અંગેની નોંધણી ખોલવડ ગ્રામપંચાયતમાં કરવામાં આવેલ. જન્મનાં દાખલામાં બાળકનાં નામવાળી કોલમમા મોહંમદહુસેન** લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે **ખરી હકીકતમા અરજદારનાં પુત્રનુ સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ છે** અને અરજદારના પુત્રનાં તમામ પુરાવાઓમા તેઓનુ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. હાલમા અરજદારને સરકારી તથા અર્ધસરકારી કામે આવશ્યકતા ઉભી થતા શ્રી તલાટી કમ મંત્રીશ્રી, ખોલવડ, તા.કામરેજ, જી.સુરત જન્મનો દાખલો મેળવતા અરજદારના પુત્રના નામમા ભુલ હોય જેથી તેમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

2. સદર કામમા આંક-૦૬ થી અરજદાર સમીમબેન ઝુબેરભાઇ સીંધા નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો અરજદારનાં પુત્રનો જન્મ મોજે ખોલવડ ગામ, દિનબંધુ હોસ્પિટલ, ખોલવડ, તા.કામરેજ, જી.સુરત ની સીમમા થયેલ હોય જે અંગેની નોંધણી ખોલવડ ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી ક્રમાંક-૨૩૭ થી તા.૧૬/૦૩/૨૦૧૩ ના રોજ કરવામા આવેલ છે. હાલમા અરજદારને જન્મના દાખલાની જરૂર પડતા તેઓએ સામાવાળા પાસેથી માંગણી કરતા તેઓએ જન્મનો દાખલો આપેલ છે. જેમા અરજદારના પુત્રનાં જન્મના દાખલામા નામની કોલમમા મોહંમદહુસેન

લખાયેલ છે. જે શરતચુકથી ભુલથી લખાયેલ છે. જ્યારે હકીકતમા અરજદારનુ સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ છે. તેમજ અરજદારે તેમનાં પુત્રનાં આધાર–કાર્ડ, પેઢીનામાં ની નકલ રજુ કરેલ છે. અરજદારે આંક–૦૮ થી તેમનાં પુત્રનાં જન્મના દાખલાની નકલ રજુ કરેલ છે. તેમાં નામની કોલમમા મોહંમદહુસેન લખાયેલ છે. જ્યારે અરજદારે તેમના પુત્રનાં આધારકાર્ડની અસલ નકલ આંક–૦૯ થી રજુ કરેલ છે. જેમા નામની કોલમમા એઝાઝએહમદ તરીકે દર્શાવેલ છે. જેથી અરજદારે તેમના પુત્રનાં જન્મના દાખલામા નામની કોલમમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

3. સદર કામમા આંક-૧૫ થી સાહેદ પઠાણ ઇમરાનખાન ફરીદખાન નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદારનાં તેઓ ભાઈ થાય છે. ખરી હકીકતમા તેઓનાં ભત્રીજાનું સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે તેમજ તેઓના આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા પણ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. પરંતુ તેઓના જન્મના દાખલાની નોંધણી કરાવતી વખતે શરચુકથી અને ભુલથી તલાટી દ્વારા નામની કોલમમા એઝાઝએહમદ ના સ્થાને શરતચુકથી અને ભુલથી નામની કોલમમા મોહંમદહુસેન લખાઇ ગયેલ છે. આ કામના અરજદારે તેમના જન્મના દાખલામા નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

4. સદર કામમા આંક-૧૬ થી સાહેદ શાહિદ મોહંમદ રફીક બદાત નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદારનાં તેઓ ભાઈ થાય છે. ખરી હકીકતમા તેઓનાં ભત્રીજાનું સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે તેમજ તેઓના આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા પણ નામ એઝાઝએહમદ ચાલી આવેલ છે. પરંતુ તેઓના જન્મના દાખલાની નોંધણી કરાવતી વખતે

શરચુકથી અને ભુલથી તલાટી દ્વારા નામની કોલમમા એઝાઝએહમદ ના સ્થાને શરતચુકથી અને ભુલથી નામની કોલમમા મોહંમદહુસેન લખાઇ ગયેલ છે. આ કામના અરજદારે તેમના જન્મના દાખલામા નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

5. સદર કામમા આંક-૧૭ થી સામાવાળા સંદિપભાઇ રમેશભાઇ ડોબારીયા નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તલાટી કમ મંત્રી તરીકે ખોલવડ પંચાયત કચેરીમા ફરજ બજાવે છે. તેઓને નામદાર કોર્ટની નોટીસ બજતા હાજર થયેલ છે. આ કામના અરજદાર તેમનાં પુત્રનું આંક-૦૮ થી રજુ જન્મનો દાખલો બતાવવામા આવે છે જે ખોલવડ, ગ્રામપંચાયત દ્વારા આપેલ છે. જેમાં અરજદારનાં પુત્રનુ નામ મોહંમદહુસેન લખેલ છે. ખોલવડ પંચયાતના સને ૨૦૧૩ ના જન્મ-મરણના રજીસ્ટરના ઉતારાની ખરી નકલ જેને આંક -૧૯ આપવામા આવે છે. તેમા વિગતો ભરવામા આવેલ અને જે ખોલવડ ગ્રામપંચાયત માંથી જન્મનો દાખલો આપવામા આવેલ હતુ. અરજદારના નામમા સુધારો કરવાનો હુકમ ના.કોર્ટ દ્વારા કરવામા આવે તો આ પ્રકારનો સુધારો કરવા તેઓની કચેરી  રાજી છે. ઉપરોક્ત જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી હોવાનુ જણાવેલ છે.

6. આમ, સદર કામે અરજદારની અરજી તેમજ અરજદાર સમીમબેન ઝુબેરભાઇ સીંધા નો  સોગંદ પરનો પુરાવો આંક-૦૬ થી રજુ છે. જે વંચાણે લેતા અરજદારનાં પુત્રનો જન્મ મોજે ખોલવડ ગામ, તા.કામરેજ, જી.સુરત ની સીમમા થયેલ હોય જે અંગેની નોંધણી ખોલવડ ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી ક્રમાંક–૨૩૭ થી તા.૧૬/૦૩/૨૦૧૩ ના રોજ કરવામા આવેલ છે. તેમજ સામાવાળા સંદિપભાઇ રમેશભાઇ ડોબારીયાનો આંક-૧૭ નો પુરાવો જોતા અરજદારનાં પુત્રની આ કામના સામાવાળાની ગ્રામપંચાયત કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી

ક્રમાંક–૨૩૭ થી તા.૧૬/૦૩/૨૦૧૩ ના રોજ કરવામા આવેલ છે. પરંતુ જન્મના દાખલામા તેઓના નામની કોલમમા મોહંમદહુસેન તરીકે દર્શાવેલ છે. જ્યારે અરજદાર તરફે રજુ કરવામા આવેલ અરજદારના પુત્રનાં આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેમા નામની કોલમમા એઝાઝએહમદ દર્શાવેલ છે. વધુમા અરજદાર તરફે સાહેદ પઠાણ ઈમરાનખાન ફરીદખાન નો આંક-૧૫ નો પુરાવો તથા સાહેદ શાહિદ મોહંમદ રફીક બદાત નો આંક-૧૬ નો પુરાવો જોતા પણ અરજદારની અરજી ની હકીકતને સમર્થન મળે છે. તેમજ અરજદારના પુત્રનો જન્મનો દાખલો આંક–૦૮ થી રજુ રાખેલ છે. જેમાં નામની કોલમમા મોહંમદહુસેન લખાયેલ છે. જ્યારે અરજદારના પુત્રનાં આધારકાર્ડ ની નકલ આંક–૦૯ થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા અરજદારના પુત્રનાં નામની કોલમમા એઝાઝએહમદ હોવાનુ જણાય આવે છે. સદર કામે અરજદારના પુત્રનાં નામની કોલમમા મોહંમદહુસેન જણાવેલ છે પરંતુ અરજદાર તરફે રજુ કરેલ આધારકાર્ડ, પેઢીનામાં વિગેરેની નકલ વંચાણે લેતા અરજદારનાં પુત્રનાં નામની કોલમમા એઝાઝએહમદ હોવાનુ જણાય છે. આમ, અરજદાર તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઓ વંચાણે લઈ તમામ હકીકત ધ્યાનમા લઈ અરજદારની અરજી અંગે ન્યાયના હિતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

## ::હુક્મ::

1. અરજદારની અરજી **મંજુર** કરવામા આવે છે.
2. આ કામના સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, ખોલવડ–ગ્રામપંચાયત, તા.કામરેજ, જી.સુરત નાઓને આદેશ આપવામા આવે છે કે, અરજદાર સમીમબેન ઝુબેરભાઈ સીંધા, રહેવાસી: ૪૬, રાણી મોહલ્લો, મુ.ખોલવડ, તા.કામરેજ, જી–સુરત નાઓનાં પુત્રનું **સાચુ અને ખરૂ નામ એઝાઝએહમદ** હોવાનુ જણાય છે. તેમા નામની કોલમમાં મોહંમદહુસેન તરીકે દર્શાવેલ છે તેમા સુધારો કરી અરજદારનાં પુત્રનું સાચુ અને ખરૂ નામ

એઝાઝએહમદ હોય તે મુજબનો સુધારો કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તારીખ:– ૦૭/૦૩/૨૦૨૬**
**સ્થળઃ કઠોર.**

**(એસ.કે.ફટાણીયા)**
**જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડ: GJ01769**